NAVBHARAT TOURISM PVT. LTD.

KSP 2024-9

# અમરનાથ

૫ રાત્રી

## ૧ શ્રીનગર - ૨ સોનમર્ગ - ૨ શ્રીનગર




**શ્રીનગર પહોંચવાની તારીખ**

**જુલાઈ : ૧૦, ૧૫, ૨૦**

**ટુર પેકેજ** (પ્રતિ વ્યક્તિ)

| ૨ વ્યક્તિ વચ્ચે | ૩ વ્યક્તિ વચ્ચે |
|---|---|
| રૂા. ૨૪૦૦૦/- | રૂા. ૨૨૦૦૦/- |

(ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં પલંગ સિવાય મેટ્રેસની વ્યવસ્થા જ રહેશે.)

**પ્રવાસમાં સામેલ :**

- શ્રીનગર એરપોર્ટ ગ્રુપ પીક અપ
- શ્રીનગર એરપોર્ટ ગ્રુપ ડ્રોપીંગ
- નોન એસી રૂમ
- નોન એસી વાહન
- દાલ લેકમાં શીકારા રાઈડ

### દિવસ-૧ : શ્રીનગર આગમન

એર દ્વારા શ્રીનગર એરપોર્ટ આગમન અને અહીંથી સંખ્યા પ્રમાણે વાહન દ્વારા રવાના થઇ હોટલમાં આગમન અને બપોરે ૨-૦૦ કલાકે ચેક-ઈન. સાંજે દાલ લેકમાં ૬૦ મિનિટની શિકારાની સહેલગાહ માણો. **રાત્રી રોકાણ શ્રીનગર**

| બ્રેકફાસ્ટ : નથી | લંચ : શ્રીનગર | ડીનર : શ્રીનગર |
|---|---|---|

### દિવસ-૨ : શ્રીનગરથી સોનમર્ગ (૯૦ કિ.મી. ૪ કલાક)

સવારે શ્રીનગરથી સોનમર્ગ જવા માટે પ્રસ્થાન. સોનમર્ગ આગમન અને ગ્લેસીયરમાં સ્લેજ ગાડીની મજા માણો (સ્વખર્ચે). સાંજે અહીંના કુદરતી સૌંદર્યની મજા માણો. **રાત્રી રોકાણ સોનમર્ગ**

| બ્રેકફાસ્ટ : શ્રીનગર | લંચ : સોનમર્ગ | ડીનર : સોનમર્ગ |
|---|---|---|

### દિવસ-3 : સોનમર્ગથી બાલતાલ થઈ અમરનાથ (33 કિ.મી.)

વહેલી સવારે સોનમર્ગથી રવાના થઇ બાલતાલ (૧૫ કિ.મી.) આગમન અને અહીંથી ચાલતાં, ઘોડા, ડોળી અથવા હેલીકોપ્ટર દ્વારા અમરનાથ ગુફા તરફ પ્રયાણ. દરિયાઈ સપાટીથી ૧૪૫૦૦ ફુટની ઊંચાઈએ આવેલ અમરનાથ (૧૮ કિ.મી.) આગમન અને ગુફામાં બરફના પવિત્ર શિવલીંગના દર્શન. ત્યારબાદ સોનમર્ગ પરત. **રાત્રી રોકાણ સોનમર્ગ**

| બ્રેકફાસ્ટ : સોનમર્ગ | લંચ : નથી | ડીનર : સોનમર્ગ |
|---|---|---|

### દિવસ-૪ : સોનમર્ગથી શ્રીનગર (૯૦ કિ.મી. ૪ કલાક)

સવારે સોનમર્ગથી શ્રીનગર જવા માટે પ્રસ્થાન. શ્રીનગર આગમન અને હોટલમાં ચેક-ઈન. ત્યારબાદ શ્રીનગરમાં આવેલ શંકરાચાર્ય મંદિરના દર્શન. અહીં મુગલ સામ્રાજ્ય સમયે બનાવેલ શાલીમાર ગાર્ડન, નિશાંત ગાર્ડન અને ચશ્મેશાહી ગાર્ડનની મુલાકાત. ત્યારબાદ શ્રીનગરના સ્થાનિક બજારમાં ખરીદીની મજા માણો. **રાત્રી રોકાણ શ્રીનગર**

| બ્રેકફાસ્ટ : સોનમર્ગ | લંચ : શ્રીનગર | ડીનર : શ્રીનગર |
|---|---|---|

### દિવસ-૫ : શ્રીનગરથી ગુલમર્ગ (૫૨ કિ.મી. ૨ કલાક/એક તરફી)

સવારે શ્રીનગરથી ગુલમર્ગ જવા માટે પ્રસ્થાન. ગુલમર્ગ આગમન અને અહીં ગંડોલા કેબલ કાર દ્વારા સ્નો પોઈન્ટ (ખીલનમર્ગ)ની મુલાકાત. અહીં તમે બરફમાં સ્વખર્ચે ઘોડે સવારી, સ્કીઈંગ તથા સ્લેજ ગાડીનો આનંદ માણી શકો છો. સાંજે શ્રીનગર પરત. **રાત્રી રોકાણ શ્રીનગર**

| બ્રેકફાસ્ટ : શ્રીનગર | લંચ : નથી | ડીનર : શ્રીનગર |
|---|---|---|

### દિવસ-૬ : શ્રીનગરથી રવાના

નવભારત ટુરીઝમ દ્વારા આયોજીત યાદગાર પ્રવાસના અનુભવ સાથે શ્રીનગર એરપોર્ટ પર ડ્રોપ કરવામાં આવશે.

| બ્રેકફાસ્ટ : શ્રીનગર | લંચ : નથી | ડીનર : નથી |
|---|---|---|

### અગત્યની સૂચના

- **અમરનાથ યાત્રા ઈચ્છુક દરેક પ્રવાસીએ જમ્મુ સરકાર દ્વારા માન્ય સિવિલ હોસ્પીટલમાં જાતે જઈને માન્ય ડોક્ટર પાસેથી ફીટનેશ અંગેનું પ્રમાણપત્ર મેળવીને અમરનાથ યાત્રાની દર્શનની તારીખ મુજબ રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે. આ પ્રક્રિયા સિવાય અમરનાથ યાત્રા થઈ શકેશે નહીં.**
- પ્રવાસમાં જોડાનાર દરેક પ્રવાસીએ શ્રીનગર પહોંચવાનું રહેશે.
- સવારે ૧૧-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક સુધીમાં શ્રીનગર એરપોર્ટ પહોંચતા પ્રવાસીને પીકઅપની વ્યવસ્થા કંપની તરફથી રહેશે. અન્ય પ્રવાસીએ એરપોર્ટથી પ્રી-પેડ ટેક્ષી દ્વારા હોટલ પર પહોંચવાનું રહેશે.
- ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં બેડ વગર ફક્ત એક્સ્ટ્રા મેટ્રસની વ્યવસ્થા રહેશે.
- શ્રીનગર રોકાણ દરમ્યાન દાલ લેકમાં ૪ પ્રવાસી વચ્ચે ૬૦ મિનીટની એક શિકારા રાઈડ કંપની તરફથી રહેશે.
- સોનમર્ગથી બાલતાલ આશરે ૧૫ કિ.મી. દુર આવેલ છે. બાલતાલથી અમરનાથ ૧૮ કિ.મી. દુર આવેલ છે, જેથી સવારે જઈ અમરનાથ ગુફામાં બરફથી કુદરતી સર્જીત શિવલીંગના દર્શન કરી સાંજે બાલતાલ પરત આવી શકાય છે.
- ૧૩ થી ૬૫ વર્ષ વચ્ચેની વ્યક્તિ અમરનાથ યાત્રાનો લાભ લઈ શકે છે.
- ગુલમર્ગમાં આવેલ ગંડોલા (રોપ-વે/કેબલ કાર) ટિકિટનું બુકીંગ ક્રેડીટ કાર્ડ દ્વારા ઓનલાઈન થઈ શકે છે. https://www.jammukashmircablecar.com/
- પ્રવાસમાં જરૂરી સંખ્યા (૩૦ વ્યક્તિ) ન થાય તો તેવા પ્રવાસમાં સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ડીનરની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. લંચ રહેશે નહીં.
- આ સંજોગોમાં પ્રવાસ રદ કરાવનાર પ્રવાસીએ એર ટિકિટ અથવા રેલ્વે ટિકિટનું કેન્સલેશન પોતે ભોગવવાનું રહેશે. કંપની જવાબદાર નથી.
- હોટલના ચેક-ઈન અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમની વ્યવસ્થા રહેશે. સમયથી વહેલા પહોંચનાર અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમ ચેક-આઉટ કરી પ્રવાસીએ હોટલના વેઈટીંગ એરીયામાં બેસવાનું રહેશે.
- **કાશ્મીરમાં વોડાફોન, એરટેલ, બીએસએનએલ અને જીઓના ફક્ત પોસ્ટ પેઈડ કનેક્શન વાળા જ મોબાઈલ ચાલે છે.**



STATUE OF UNITY
info@navbharattourism.com
www.navbharattourism.com
2-3-4, Ganesh Plaza, Opp. Navrangpura Bus-Stand, Navrangpura, Ahmedabad, Gujarat – 380009
+91 99744 41073 | +91 98258 04077
079 4848 4222 | 079 4848 4999